# અસ્તિત્વ અને અખલાક (નૈતિકતા)ની ઉત્પત્તિ માટે એક સંપૂર્ણ સત્યતાના અસ્તિત્વના પુરાવા શું છે?

એવી કોઈ ચોક્કસ સત્ય વાત નથી કે જે ઘણા લોકો અપનાવે છે તે પોતે જ સાચું અને ખોટું શું છે તે વિશેની માન્યતાઓ રાખે છે, અને તેઓ તેને અન્ય લોકો પર લાદવાનો પ્રયાસ કરે છે, તેઓના વર્તનનું ધોરણ અપનાવે છે અને દરેકને તેનું પાલન કરવા દબાણ કરે છે, આમ તેઓ જે વસ્તુને જાળવી રાખવાનો દાવો કરે છે તેનું ઉલ્લંઘન તેઓ પોતે જ કરે છે - એક સ્વ-વિરોધાભાસી સ્થિતિ કહેવાય.

નિરપેક્ષ વાસ્તવિકતાના અસ્તિત્વના પુરાવા નીચે મુજબ છે:

અંતઃકરણ: (આંતરિક ઉત્તેજના) નૈતિક માર્ગદર્શિકાઓનો સમૂહ, જે માનવ વર્તનને નિયંત્રિત કરે છે, તે પુરાવો છે કે વિશ્વ ચોક્કસ રીતે કાર્ય કરે છે અને તે સાચું છે અને ખોટું છે. આ નૈતિક સિદ્ધાંતો સામાજિક જવાબદારીઓ છે, જેનો વિવાદ કરી શકાતો નથી અથવા જાહેર લોકમતનો વિષય બની શકતો નથી. તેઓ તેમની સામગ્રી અને અર્થમાં સમાજ માટે અનિવાર્ય સામાજિક તથ્યો છે. ઉદાહરણ તરીકે, કોઈના માતા-પિતાનો અનાદર કરવો અથવા ચોરી કરવી હંમેશા અણગમતી વર્તણૂક તરીકે જોવામાં આવે છે, અને તેને પ્રમાણિકતા અથવા આદર તરીકે ન્યાયી ઠેરવી શકાતી નથી. આ સામાન્ય રીત તમામ સંસ્કૃતિઓને દરેક સમયે લાગુ પડે છે.

વિજ્ઞાન: વિજ્ઞાન એ વસ્તુઓની અનુભૂતિ કરે છે જેમ કે તેની હકીકત છે, જે જ્ઞાન અને નિશ્ચિતતા છે, તેથી વિજ્ઞાન આવશ્યકપણે વિશ્વમાં ઉદ્દેશ્ય તથ્યોના અસ્તિત્વની માન્યતા પર આધાર રાખે છે, જે શોધી અને સાબિત કરી શકાય છે. જો કોઈ સ્થાપિત તથ્યો ન હોય તો શું અભ્યાસ કરી શકાય? અને વૈજ્ઞાનિક તારણો વાસ્તવિક છે કે કેમ તે કેવી રીતે જાણી શકાય? હકીકતમાં, વૈજ્ઞાનિક નિયમો જ સંપૂર્ણ સત્યના અસ્તિત્વ પર આધારિત છે.

ધર્મ: વિશ્વના તમામ ધર્મો જીવનની વિભાવના, અર્થ અને વ્યાખ્યા પ્રદાન કરે છે, જે માણસના પ્રશ્નના જવાબો મેળવવાની ઇચ્છાના પરિણામે છે. ધર્મ દ્વારા, વ્યક્તિ તેની મંજિલ શોધી શકે છે અને આંતરિક શાંતિ પણ શોધે છે જે ફક્ત આ જવાબો પ્રાપ્ત કરીને જ પ્રાપ્ત કરી શકાય છે. ધર્મનું અસ્તિત્વ પોતે જ સાબિત કરે છે કે માણસ માત્ર એક વિકસિત પ્રાણી નથી, અને જીવન માટે ઉચ્ચ ધ્યેયનું અસ્તિત્વ અને એક સર્જકનું અસ્તિત્વ સાબિત કરે છે જેણે આપણને હિકમત માટે બનાવ્યા છે, અને તે હિકમત જાણવાની ઈચ્છા માનવ દિલમાં મુકવામા આવેલી છે. હકીકતમાં, સર્જકનું અસ્તિત્વ એ સંપૂર્ણ સત્યનો માપદંડ છે.

તર્કશાસ્ત્ર: બધા મનુષ્યો પાસે મર્યાદિત જ્ઞાન અને મર્યાદિત ગ્રહણશીલ દિમાગ છે, તેથી નકારાત્મક નિરપેક્ષ નિવેદનો અપનાવવા તાર્કિક રીતે અશક્ય છે. કોઈ વ્યક્તિ તાર્કિક રીતે કહી

શકતી નથી: "કોઈ ઇલાહ નથી," કારણ કે કોઈ વ્યક્તિ આવું નિવેદન કહેવા માટે, તેની પાસે શરૂઆતથી અંત સુધી સમગ્ર સ્રુષ્ટિનૂ સંપૂર્ણ જ્ઞાન હોવું જોઈએ. કારણ કે આ અશક્ય છે, સૌથી તાર્કિક વસ્તુ જે વ્યક્તિ કરી શકે છે તે છે, "મારી પાસે મર્યાદિત જ્ઞાન સાથે, હું ઇલાહના અસ્તિત્વમાં માનતો નથી."

સુસંગતતા: ખરેખર સત્યનો ઇન્કાર આ તરફ દોરી જાય છે:

અંતરાત્મા અને જીવનના અનુભવો અને વાસ્તવિકતામાં જે છે, તેની માન્યતાની આપણી નિશ્ચિતતા સાથેનો વિરોધાભાસ.

અસ્તિત્વમાં રહેલી કોઈપણ વસ્તુ માટે કોઈ યોગ્ય કે ખોટું નથી. ઉદાહરણ તરીકે, જો હું ટ્રાફિકના નિયમોનો ભંગ કરું તો હું મારી આસપાસના લોકોના જીવનને જોખમમાં નાખી રહ્યો છું. આમ અથડામણ, માણસો વચ્ચે સાચા અને ખોટાના ધોરણોમાં થાય છે. તેના આધારે કોઈ પણ બાબતની ખાતરી કરવી અશક્ય છે.

માનવીને સંપૂર્ણ સ્વતંત્રતા મળી છે કે તે ગુનાહો માંથી જે ઈચ્છે તે કરે.

કાયદો બનાવવાની કે ન્યાય મેળવવાની અશક્યતા.

સંપૂર્ણ સ્વતંત્રતા ધરાવનાર વ્યક્તિ એક કદરૂપું પ્રાણી બની જાય છે, અને તે આ સ્વતંત્રતા સહન કરવામાં અસમર્થ છે તે કોઈ શંકાની બહાર સાબિત થયું છે. ખોટું વર્તન એ ખોટું છે, ભલે વિશ્વ તેની માન્યતા પર સંમત થાય, અને એકમાત્ર અને સાચું સત્ય એ છે કે નૈતિકતા સાપેક્ષ નથી અને સમય કે સ્થળ સાથે બદલાતી નથી.

સીસ્ટમ: સંપૂર્ણ સત્યનો અભાવ અરાજકતા તરફ દોરી જાય છે.

ઉદાહરણ તરીકે, જો ગુરુત્વાકર્ષણનો નિયમ વૈજ્ઞાનિક તથ્ય ન હોત, તો અમે ખાતરી કરી શકતા નથી કે જ્યાં સુધી આપણે ફરી ન જઈએ ત્યાં સુધી આપણે એ જ જગ્યાએ ઊભા છીએ કે બેઠા છીએ. અમે વિશ્વાસ કરીશું નહીં કે એક અને એકનો સરવાળો એક સમયે બે છે, સંસ્કૃતિ પર અસર ગંભીર હશે. વિજ્ઞાન અને ભૌતિકશાસ્ત્રના નિયમો નજીવા હશે, અને લોકો માટે ખરીદી અને વેચાણમાં કામ કરવું અશક્ય બનશે.

ઇસ્લામ વિશે સવાલ અને જવાબ

Source: https://nwahy.com/free/qa/gu/show/44/

Arabic Source: https://nwahy.com/free/qa/ar/show/44/

Monday 18th of May 2026 06:16:41 PM